# આવો આવો દેવ મારાં સૂનાં સૂનાં દ્વાર

પુણ્યમયી સતીઓ થકી, ઉજ્જવળ છે  ઈતિહાસ
ચંદનબાળા સાધ્વી, ચંદન સમ સુવાસ

રાજકુમારી એ હતી, વૈભવનો નહિ પાર
તોયે આ સંસારનો, મોહ ન એને લગાર

કર્મયોગે બહુ દુખ સહ્યા, પલટી ગઈ ઘટમાળ
રઝળી રાજકુમારિકા, ક્રૂર થયો એ કાળ

બાકુળા વહોરાવવા, બેઠી ઉંબરમાંય
વિનવે કોઈ અતિથિને, આવો આંગણમાંય
=====
આવો આવો દેવ મારાં સૂનાં સૂનાં દ્વાર
મારાં આંગણા સૂનાં

રોતી રોતી ચંદનબાળા વિનવે છે આજ
મારાં આંગણા સૂનાં ...

પગમાં બેડી માથે મુંડી, આંખે આંસુધાર
ઉપવાસી ત્રણ ત્રણ દિવસની, મુખ ગણતી નવકાર
મારાં આંગણા સૂનાં ...

બાકુળાનાં ભોજન મળિયા, પણ નહિ મનડું માને
કોઈ અતિથિને વહોરાવી, પછી જ ખાવું મારે
મારાં આંગણા સૂનાં ...

કૌશામ્બી નગરીની માંહે, યોગી એક વિચરતા
પાંચ માસ ને પચીસ દિનથી, ભિક્ષા કાજે ફરતાં
મારાં આંગણા સૂનાં ...

દ્વાર દ્વારથી એ ભિક્ષા વિણ, શીદને પાછાં ફરતાં
કોણ હશે એ મહા તપસ્વી? (૨) એવો નિશ્ચય કરતાં
મારાં આંગણા સૂનાં ...

બાળા ભોજન દે છે ત્યાંતો, યોગી પાછાં વળિયા
અહો પ્રભુ (૩) શું ઓછું આવ્યું? દડ દડ આંસુ પડિયા
મારાં આંગણા સૂનાં ...

અભિગ્રહ પુરણ જાણી પ્રભુજી, નિજ કર પાત્ર ધરાવે
ચંદનબાળા ભાવ ધરીને, બાકુળા વહોરાવે
મારાં આંગણા સૂનાં ...

તે જ ક્ષણે ચમકાર થયો, ને તૂટી પગની બેડી
માથે સુંદર વાળ થયાં ને, વરસી સુખની હેલી
મારાં આંગણા સૂનાં ...

આવો આવો વીર સ્વામી! આવો મહાવીર આજ!
મારાં આંગણા સૂનાં ...

આવો આવો વીર! હું છું ક્યારની અધીર!
મારાં આંગણા સૂનાં ...

https://www.youtube.com/watch?v=JW-CfXA-Or4